PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL
## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/કવા–૦૧/૧૭–૧૮/ ५८३० તા. ०५/०९/१७

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**
**ચેતનભાઈ પી. રૂપાપરા,**
**– રાધે –,**
**૩/૪ જયોતિનગર,**
**ક્રીસ્ટલ મોલ ની પાછળ**
**કાલાવડ રોડ, રાજકોટ**
**મો: ૯૪૨૮૨ ૮૮૯૫૫**

**વિષય :–કનેકશન પીડીસી થવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૩/કવા–૦૧/૧૭–૧૮ )**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

**( કે. ડી. વીરડીયા )**
**કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૩/ક્વા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૩–૦૬–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ચેતનભાઈ પી. રૂપાપરા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પિતાશ્રી પરસોતમભાઈ રૂપાપરા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

## : હુકમ :

**ફરીયાદ : કનેક્શન પીડીસી થવા બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના જોડાણ નં.: ૩૯૯૧૫/૧૨૧૪૬/૬ મા, અગાઉ પીજીવીસીએલ તરફથી કરાયેલ કાનુનન રીકવરી ની રકમ રૂ.૬,૨૯૦/– ના અનુસંધાને, તેઓ શ્રી નુ જોડાણ રદબાતલ કરાયેલ છે. રદબાતલ કરાયેલ જોડાણ મા ડિપોઝીટ ની રકમ ૬,૮૫૬/– જમા રહેલ છે. આ મુજબ ની ગણતરી ધ્યાને લીધા વગર, કાનુનન રાહે તેમની સામે જે કુલ રૂપિયા ૧,૦૫,૯૬૮ ની રકમ ની વસુલાત કરવામા આવેલ છે, તે ન્યાયિક રીતે યોગ્ય ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ના, જોડાણ નં.: ૩૯૯૧૫/૧૨૧૪૬/૬ મા, અગાઉ ની બાકી લેણી રકમ ની વસુલાત અન્વયે, પીજીવીસીએલ તરફથી કરાયેલ રીકવરી ની કાર્યવાહી ના અનુસંધાને, સદર જોડાણ તા.૦૧–૧૦–૧૪ ના રોજ કાપવામા આવેલ હતુ. પરંતુ, જે તે સમય ની પીજીવીસીએલ ની બાકી લેણી રકમ, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ ન હોવાના કારણોસર, અરજદાર પાસેથી સદર રકમ વસુલાત કરવા માટે, સબંધક કચેરી તરફથી કાનુનન દાવા નંબર: ૭૯૬/૧૫ દાખલ કરાયેલ હતો. નામદાર અદાલત તરફથી, સદર કેઈસ મા, કંપની ની તરફેણ મા, તા.૨૭–૧૦–૧૭ થી, અરજદાર પાસેથી સદર રકમ વસુલ કરવા માટે નો હુકમ કરાયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ની રકમ, જે નામદાર અદાલત દ્વારા વસુલાત પાત્ર હોવાની બાબતે હુકમીત થયેલ છે. જેથી, અરજદાર શ્રી એ, સદર રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત, જે કાનુનન રાહે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. |

## : નિષ્કર્ષ :

**મુદ્દા નં.–૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ના, જોડાણ નં.: ૩૯૯૧૫/૧૨૧૪૬/૬ મા, અરજદાર દ્વારા ફોરમ સમક્ષ જણાવવામા આવેલ રકમ ની વસુલાત બાબતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ સમક્ષ રજુ કરાયેલ અહેવાલ મા, મળેલ સ્પષ્ટતાઓ મુજબ, અગાઉ ની બાકી લેણી રકમ ની વસુલાત અન્વયે, પીજીવીસીએલ તરફથી કરાયેલ રીકવરી ની કાર્યવાહી ના અનુસંધાને, ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ નુ સદર જોડાણ, જે પીજીવીસીએલ તરફથી તા.૦૧–૧૦–૧૪ ના રોજ કાપવામા આવેલ હતુ. પરંતુ, જે તે સમય ની પીજીવીસીએલ ની બાકી લેણી રકમ, |

| | |
|---|---|
| | અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ ન હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, અરજદાર પાસેથી સદર રકમ વસુલાત કરવા માટે, કાનુનન દાવા નંબર: ૭૯૬/૧૫ દાખલ કરાયેલ હતો. નામદાર અદાલત તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના સવાલવાળા જોડાણ ની સવાલવાળી બાબતે ના, પીજીવીસીએલ દ્વારા કરાયેલ સદર કેઈસ મા, નામદાર અદાલત તરફથી કંપની ની તરફેણ મા, તા.૨૭–૧૦–૧૭ થી, અરજદાર પાસેથી સદર રકમ વસુલ કરવા માટે નો હુકમ કરાયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ની રકમ, જે નામદાર અદાલત દ્વારા હુકમીત થતા, પીજીવીસીએલ પક્ષકાર માટે વસુલાત પાત્ર હોવાની બાબતેનો ફોરમ સમક્ષ અહેવાલ રજુ થયેલ છે. |
| <u>૩.૨</u> | આમ, ઉપરોકત મુદદા નં.૩.૧ મુજબ ની વિગતે ના, અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા વર્ણવ્યા મુજબ ની, અરજદાર શ્રી ના સવાલવાળા જોડાણ મા, પીજીવીસીએલ તરફથી કરાયેલ સવાલવાળી રકમ ની વસુલાત બાબત, નામદાર અદાલત તરફથી, પીજીવીસીએલ ની તરફેણ મા, તા.૨૭–૧૦–૧૭ થી હુકમીત કરાયેલ છે.આમ, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – '' નામદાર અદાલત દ્વારા હુકમીત થયેલ કેઈસો '' અન્વયે ની રજુઆતો / ફરીયાદો ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર મા સમાવિષ્ટ નથી. જેથી, આપ શ્રી ની ઉપરોકત સંદર્ભ મુજબ ની અરજી બાબતે, અત્રે તરફથી કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે.આ મુજબ ની, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી, ફોરમ સમક્ષ ની અરજી, જે ફોરમ કક્ષાએથી દફતરે કરાયેલ હોવાની, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, ફોરમ કમિટી તરફથી હુકમ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.